Outward no:DP/Edu/Rec.Cer/ 27 / 2020
District panchayat Education committee
District panchayat,bharuch.
Date: 20/06/2020

# RECOGNITION CERTIFICATE

**Ref no:** Chairman of Shyam Education Trust,Ta.Bharuch,Di.Bharuch, Dt.18/06/2020.

This is to certify that **Atmiya green school, Zadeshwar, Ta.Bharuch,Di.Bharuch** is managed by **Shyam Education Trust**, as self finance school. The school is approved for std – 1 to 5 english medium (DISE no.24210309821 on dated 29/04/2017 and its registration no.kramank /ji.pam /shikshan/e(1)/2017/291-292. The school is approved for std – 6 to 8 english medium (dise no.24210309821 on dated 21/03/2018 and its registration no.kramank/ji.pam/shikshan/e(4/2) /2018/769-770.

District Education Committee Bharuch

DISTRICT PRIMARY EDUCATION OFFICER
DISTRICT PANCHAYAT BHARUCH.

To,
Chairman,
Shyam Education Trust,
Ta.Bharuch,Di.Bharuch.

MANAGER
ATMIYA GREEN SCHOOL
ZADESHWAR

Principal
Atmiya Primary School
Zadeshwar,Bharuch.



Scanned with OKEN Scanner

73

પત્રક્રમાંક : જી.પં./શિક્ષણ/ઇ(૧)/૨૦૧૭

જિલ્લા પંચાયત કાર્યાલય

શિક્ષણ શાખા, ભરૂચ

તારીખ :- /૦૪/૨૦૧૭

**વાંચ્યો : -**

(૧) નાયબ સચિવશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ખપસ-૧૦૧૨/૫૫૫૭૨/ચ/ તા.૨૬/૦૬/૧૨.

(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરના પત્રાંક નં : પ્રા.શિ.નિ./ખ-૨/૨૦૧૨/૧૫૬૯-૧૬૨૧ તા.૦૯/૦૭/૨૦૧૨.

(૩) આર.ટી.ઇ. કાયદો-૨૦૦૯.

(૪) અત્રેની કચેરીના અંગ્રેજી હુકમ નં:ડીપી / એજ્યુકેશન / ઇ-૪(૨)/૨૦૧૧ /૪૧૯ તા.૨૦/૦૫/૧૧.

(૫) માનદમંત્રીશ્રી શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચલીત આત્મીય ગ્રીન સ્કૂલ ,ભરુચ ની દરખાસ્ત જાવક નં૨૦૧૭ તા.૨૦/૦૪/૨૦૧૭ .

**હુકમ :-**

આમુખ-૧ થી 3 માં જણાવ્યા મુજબના પત્રથી નિયામકશ્રી પ્રા.શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પરિપત્રો ને ધ્યાને લઇ સંસ્થા તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે આમુખ-૪ મુજબના હુકમથી જુન-૨૦૧૧ થી ધોરણ ૧ થી ૫ ની અંગ્રેજી મધ્યામની શાળા શરુ કરવા મંજૂરી આપવામાં આવેલ હતી.

હવે આ કામે આમુખ-૫ મુજબના પત્રથી માનદમંત્રીશ્રી શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચલીત આત્મીય ગ્રીન સ્કૂલ ,ભરુચ ની દરખાસ્ત જાવક નં૨૦૧૭ તા.૨૦/૦૪/૨૦૧૭ થી કાયમી ધોરણની પરવાનગી કરી આપવા વિનંતી કરેલ છે.

આ કામે ઉક્ત વિગતો ધ્યાને લેતા માનદમંત્રીશ્રી શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચલીત આત્મીય ગ્રીન સ્કૂલ ,ભરુચ ને ધોરણ 1 થી 5 ની અંગ્રેજી મધ્યામની શાળા ને કાયમી ધોરણની મંજુરી નીચે જણાવેલ શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) રાઇટ ટુ એજયુકેશન એકટ -૨૦૦૯ મુજબનું પાલન કરવાનું રહેશે.

(૨) અત્રેની કચેરીના હુકમ નં:ડીપી / એજયુકેશન / ઇ-૪(૨)/૨૦૧૧ /૪૧૯ તા.૨૦/૦૫/૧૧. માં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩)સરકારશ્રી તરફથી વખતોવખત સુધારાવધારા સૂચવાય તે મુજબનું પાલન કરવાનું રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા પંચાયત, ભરૂચ

D:\jayesh_vasava joining date [03_11_14-15]\BHARATBHAI\કાયમી ધોરણે પરવાનગીઓ -8 ને માધ્યમિક માથી પ્રાથમીકમા સમાવવા બાબત.docx

Scanned with OKEN Scanner

ક્રમાંક:જિપં/શિક્ષણ/ઈ.૪(૨)/૨૦૧૮ /૭૫૮ ૭૭૦
જિલ્લા પંચાયત કાર્યાલય,
શિક્ષણ શાખા,ભરૂચ.
તારીખ :- ૨૧/૦૩/૨૦૧૮

District Education Committee Bharuch

પ્રતિ,
શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ
સંચાલિત
આત્મીય ગ્રીન સ્કૂલ – ઝાડેશ્વર
તા.ભરૂચ

વિષય :– **ધોરણ ૬ થી ૮ અંગ્રેજી માધ્યમ ને કાયમી ધારેણે મંજુરી આપવા બાબત.**
શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ,સંચાલિત આત્મીય ગ્રીન સ્કૂલ – ઝાડેશ્વર તા.ભરૂચ

સંદર્ભ.:–
૧. શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ખપશ/૧૦૧૨/૫ તા.૨૬/૦૬/૨૦૧૨ના
૨. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરના તા.૨/૪/૨૦૧૩ના પત્ર
ક્રમાંક:પ્રાશિનિ/માન્યતા/૨૦૧૩/૧૬૯૧–૧૭૪૯
૩. આપની રજુ થયેલ દરખાસ્ત ફાઈલ
૪. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભરૂચનો રજુ થયેલ તપાસ અહેવાલ તા.૨૧/૦૩/૨૦૧૮

આમુખ-૧ અને ૨માં જણાવ્યા મુજબની વિગતે ખાનગી પ્રાથમિક શાળાઓને મંજુરી-માન્યતા આપવા અંગેના ઠરાવ સૂચના થયેલ છે.

આ કામે આમુખ-૩ મુજબના પત્ર સાથે ધોરણ ૬ થી ૮ અંગ્રેજી માધ્યમ રીન્યુ શાળા કરવા માટેની દરખાસ્ત રજુ થયેલ છે જે અન્વયે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભરૂચને રૂબરૂ તપાસ કરી અહેવાલ કરવા જણાવેલ જે અન્વયે આમુખ-૫ મુજબના પત્રથી તપાસ અહેવાલ ચેકલીસ્ટ સહિત સાદર કરેલ છે. સદર શાળાને મંજુરી આપવા ભલામણ થયેલ છે.

સબબ આ કામે રજુ થયેલ સાધનિક કાગળો સાથેની દરખાસ્ત તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભરૂચનાં તપાસ અહેવાલને ધ્યાને લેતા **શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ,સંચાલિત આત્મીય ગ્રીન સ્કૂલ – ઝાડેશ્વર તા.ભરૂચ** ને કાયમી ધોરણે અંગ્રેજી માધ્યમની **ધોરણ ૬ થી ૮ ની રીન્યુ શાળા શરૂ** કરવા નીચે જણાવેલ શરતોનું પાલન કરવાની શરતે **કાયમી ધોરણે** મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

(૧) પ્રવેશ વખતે શાળા સંચાલક મંડળ કે શાળા ધ્વારા કોઈપણ પ્રકારની કેપીટેશન ફી, દાન(ડોનેશન), અનામત લઈ શકશે નહી કે વાલીઓ કે બાળકોના ઈન્ટરવ્યુ લઈ શકશે નહિં.
(૨) શાળા કોઈ બાળકને ઉંમરના પુરાવાના અભાવે પ્રવશ માટે ના પાડી શકશે નહી કે ધર્મ, જ્ઞાતિ કે જાતિ કે જન્મસ્થળ કે તેમાંથી કોઈપણ એક કારણસર પ્રવેશ આપવા માટે ના પાડી શકશે નહી.
(૩) શાળાએ ખાત્રી આપવાની રહેશે કે,

- શાળામાં દાખલ થયેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી કોઈ એક વર્ગમાં રોકી શકશે નહી. કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢશે નહી.
- કોઈપણ બાળકને શારીરિક શિક્ષા કરશે નહી કે માનસીક ત્રાસ આપશે નહી.
- પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી બાળકે કોઈ બોર્ડની પરીક્ષા આપવાની રહેશે નહી.
- પ્રાથમિક શિક્ષણ પુરૂ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપશે.
- મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની ૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ની જોગવાઈ મુજબ નિયત થયેલ લાયકાતવાળા શિક્ષકોને જ નિમણુંક આપશે.
- શાળાનો કોઈ શિક્ષક ખાનગી ટયુશનને લગતી પ્રવૃતિમાં ભાગ લેશે નહી.



Scanned with OKEN Scanner

(૪) રાજય સરકાર ધ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણિક સત્તા મંડળ ધ્વારા નકકી કરેલા અભ્યાસક્રમને શાળામાં ભણાવવાના રહેશે.

(૫) શાળા પાસે જેટલા વિદ્યાર્થીઓ સમાવી શકે તેવી માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૬) શાળાની અંદર કોઈપણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવવાના રહેશે નહી કે તે જ નામ હેઠળ અન્ય જગ્યાએ શાળા અમાન્ય વર્ગો ચલાવી શકશે નહી.

(૭) શાળાનું મકાન મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફકત શિક્ષણ અને કુશળતા વિકસાવવામાં કરશે. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ–૧૮૬૦ અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ રચાયેલ મંડળ (સોસાયટી) જ શાળા ચલાવી શકશે.

(૮) શાળા કોઈપણ વ્યકિત અથવા મંડળ અથવા વ્યકિતઓના મંડળ કે અન્ય વ્યકિતઓ ધ્વારા નફા કરવાના હેતુથી ચલાવી શકશે નહી.

(૯) શાળાના નાણાંકીય હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવી તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટમેન્ટ સર્ટીફાય કરવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીમાં મોકલી આપવાની રહેશે.

(૧૦) શાળા ધ્વારા આ કચેરી ધ્વારા કે રાજય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ ધ્વારા વખતો વખત જે પ્રકારની માહિતી માન્યતાની શરતોને પાલન અર્થે કે તેની ત્રુટીઓ દુર કરવા માટે જે માહિતી માંગવામાં આવે તે શાળા ધ્વારા પુરી પાડવાની રહેશે.

(૧૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૧૮/૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/ ૧૧૨૦૧૧–૧૪૯–ક મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧૨) ઉપરોકત શરતોનું પાલન ન કરવામાં આવે તો શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

(૧૩) સોગંદનામાની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંમ્પલસરી એજયુકેશન એકટ–૨૦૦૯ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) ઉકત સુચનાઓનું પાલન કરવાની શરતે **શ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ,સંચાલિત આત્મીય ગ્રીન સ્કૂલ – ઝાડેશ્વર તા.ભરૂચ ને ધોરણ ૬ થી ૮ અંગ્રેજી માધ્યમની નવી શાળા કાયમી ધોરણે** મંજુરી આપવામાં આવે છે.

District Education Committee Bharuch

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**જિલ્લા પંચાયત ભરૂચ**

<u>નકલ સવિનય રવાના</u> :– માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧,સચિવાલય,ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂં

નકલ રવાના : - તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભરૂચ તરફ જાણ સારૂ તથા હુકમમાં જણાવેલ શરતોનું પાલન કરાવવા સારૂ.



Scanned with OKEN Scanner